# પશ્ચિમ કચ્છ ભુજ પોલીસ

## તા.૧૪/૦૨/૨૦૨૦

## કી.રૂ.૨,૮૫,૦૦૦/- ની છ ચોરીની બાઈકો તથા આરોપીઓને પકડી પાડતી ભુજ શહેર બી ડીવીઝન પોલીસ.

પોલીસ મહાનિરીક્ષક શ્રી સુભાષ ત્રિવેદી સાહેબ સરહદી રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક શ્રી સૌરભ તોલંબીયા સાહેબ પશ્ચિમ કચ્છ ભુજનાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી જે.એન.પંચાલ સાહેબ ભુજ વિભાગ ભુજ નાઓએ બાઈક ચોરીના તથા ઘરફોડ ચોરીના બનાવો વધવા માંડેલ હોય જેથી ચોરીના ગુનાઓ ડીટેકટ કરવા માટે આપેલ માર્ગદર્શન અને સુચના મુજબ.

ભુજ શહેર બી ડીવી પો.સ્ટેના પો.ઈન્સ શ્રી આર.એન.ખાંટ નાઓને ખાનગી રાહે સાચોટ અને ભરોષાપાત્ર બાતમી હકીકત મળેલ જેથી તેઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં રહેલ પોલીસ સ્ટાફના સર્વેલન્સ સ્ટાફના પો.હેડ.કોન્સ શીવરાજસિંહ રાણા નાઓને ટેલીફોનથી બાતમી હકીકતની સમજ કરેલ કે,ભુજ શહેર બી ડીવી પો.સ્ટે (૧) ફસ્ટ ગુ.ર.નં.૪૯/૨૦૨૦ તથા (૨) ફસ્ટ ગુ.ર.નં.૧૫૧/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના બન્ને ગુના કામે ચોરીમાં ગયેલ બાઈકો અબડાસા તાલુકાના અમરવાંઢનો રજાક અબ્બાસ કેર તથા તેનો મિત્ર ઈકબાલ ઈભલા સુમરા બન્ને જણાઓ થોડા સમય પહેલા ભુજ શહેર માંથી બાઈકો ચોરી કરી પોતાની પાસે રાખેલ છે.

જે આધારે ભુજ શહેર બી ડીવી પો.સ્ટેના પોલીસ સ્ટાફની ટીમ તથા પંચો સાથે રાખી પ્રાઈવેટ વાહનથી રવાના થઈ અબડાસા તાલુકાના અમરવાંઢના રજાક અબ્બાસ કેર તથા ઈકબાલ ઈભલા સુમારની તપાસ કી તેઓને પકડી પાડી તેઓની પુછપરછ દરમ્યાન ઉપરોકત ગુનાની (૧) હીરો ડીલક્ષ જેના રજી.નં.GJ-12-EC-1285 તથા (૨) KTM બાઈક જેના રજી નં.GJ-12-DM-2432 બાઈકોની ચોરી કરેલાની કબુલાત આપેલ અને તેઓએ ચોરીની બીજી અન્ય બાઈકો જે (૧) મીરઝાપર હાઈવેથી હોન્ડા ડ્રીમ નીઓ જેના રજી નં.GJ-12-CF-7198 તથા (૨) જયનગર પાટીયા પાસેથી હીરો કંપનીની સ્પલેન્ડર જેના રજી નં.GJ-12-CA-2984 તથા (3) બીદડા (માંડવી)થી યમાહા FZ જેના રજી નં.GJ-12-CK-8022 તથા (૪) માંડવી બીચ પરથી હીરો કંપનીની સ્પલેન્ડર સાથે રજાક ના મિત્ર મામદસલીમ ઈબ્રાહીમ કેર ચોરી કરેલાની કેફીયત આપેલ તેમજ તપાસમાં ગયેલ પોલીસ સ્ટાફના માણસો મજકુર ઈસમોને યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા જેમા અલગ અલગ સમયે અલગ અલગ જગ્યાએથી બાઈકો ચોરી કરેલાની કેફીયત આપતા તમામ આરોપીઓને પો.સ્ટે લાવી ગુના કામેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.તથા ઉપરોકત ચારેય બાઈકોની CR.P.C ૧૦૨,૪૧(૧) ડી મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.જેમાંથી યામાહા FZ બાઈક અલ્તાફ રમજાન ચૌહાણ રહે.સુળધ્રો વાળાએ આ આરોપીઓ પાસેથી બાઈક લીધેલ હોવાનું જણાવતા તેની પાસેથી કબજે કરવામાં આવેલ છે.આમ ઉપરોકત ઘણા સમયથી બાઈકોની ચોરીના વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવામાં સફળતા મળેલ છે.

ઉપરોકત કામગીરીમાં પો.ઈન્સ શ્રી આર.એન.ખાંટ તથા એ.એસ.આઈ પુનશીભાઈ ગઢવી તથા પો.હેડ.કોન્સ શીવરાજસિંહ રાણા,જંયતીભાઈ મહેશ્વરી,લલીતભાઈ ચુડાસમા તથા પો.કોન્સ અનિરૂધ્ધસિંહ જાડેજા તથા નિમેષ બારોટ તથા હિતેશ વાઢેર તથા વુ.પો.કોન્સ કિરણ બાંટવા તથા સુમનરાની ચૌધરી નાઓ આ કામગીરીમાં જોડાયેલ હતા.